Publication: Dhabkar| Edition: Surat
Date: June 09, 2024| Page No: 06
Headline: Former vice president Venkaiah Naidu remained present at the 43rd convocation ceremony of IRMA

# ઈરમાના ૪૩મા દીક્ષાંત સમારોહમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયાનાયડુ ઉપસ્થિત રહ્યા



**આણંદ, ૦૮ જૂન, ૨૦૨૪ :** શ્રી એમ. વેંકૈયા નાયડુ, ભારતના માનનીય ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ ૭ જૂનના રોજ એનડીડીબી કેમ્પસ સ્થિત ટી. કે. પટેલ ઓડિટોરિયમ ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ (ઈરમા)ના ૪૩મા દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ડો. મીનેશ શાહ, ચેરમેન, ઈરમા અને એનડીડીબી અને ડો. ઉમાકાંત દાશ, ડિરેક્ટર, ઈરમા જોડાયા હતા. સમારોહ દરમિયાન ૩૦૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

દીક્ષાંત સમારોહ પૂર્વે, ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિએ એનડીડીબી દ્વારા ટેકનિકલ કન્સલ્ટન્સીના ધોરણે બાંધવામાં આવેલ ૧૨૬ રૂમની હોસ્ટેલ બ્લોકનું પણ ઉદઘાટન કર્યું, બાદમાં, તેમણે ડો. મીનેશ શાહ અને ડો. ઉમાકાંત દાશ સાથે ઈરમાં કેમ્પસની પ્રવાસ લીધી. ડો. મીનેશ શાહ, ઈરમાં સોસાયટીના સભ્યો, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ડો. ઉમાકાંત દાશ, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓ સાથે માનનીય મુખ્ય મહેમાન સરઘસમાં જોડાયા પછી તરત જ દીક્ષાંત સમારોહ શરૂ થયો.

ઉપરાષ્ટ્રપતિએ સંબોધનમાં ઈરમાંના સ્થાપક અધ્યક્ષ ડો. વર્ગીસ કુરિયનને રાષ્ટ્ર પરની તેમની અસર ગહન ગણાવીને યાદ કર્યા હતા. તેમણે સ્નાતક બેચને આજીવન શિક્ષણ અને વ્યક્તિગત વિકાસ માટે પ્રતિબદ્ધ રહેવા હિમાયત કરી. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વ ઝડપી ગતિએ વિકાસ પામી રહ્યું છે અને તે મુજબ વિદ્યાર્થીઓએ તેમની કુશળતા અને જ્ઞાનનો વિકાસ કરવો જરૂરી છે. તેમણે ૨૦૨૪ના સ્નાતક વર્ગને તેની નોંધપાત્ર સિદ્ધિઓ માટે ફરીથી અભિનંદન આપ્યા હતા.